1. જીવનનિર્વાહની રીતો કેવી રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે તે સમજાવો.

➢ જીવનનિર્વાહની અનેક રીતો છે. માનવી આર્થિક ઉપાર્જન કરીને પોતાનું તથા પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે.  માનવી પોતાના શારીરિક અને માનસિક કૌશલ્ય અનુસાર રોજીરોટી મેળવવા પ્રયત્ન કરે છે. રોજગારલક્ષી કૌશલ્યના કારણે માનવી એક સ્થળેથી બીજાસ્થળે સ્થળાંતર કરે છે.  આ સ્થળાંતરના કારણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંસ્કૃતિનું એક સ્થળેથી બીજા સ્થળે વહન થાય છે. પરિણામે ભૌગોલિક સાંસ્કૃતિક વૈવિધ્યમાં વધારો થાય છે.  આમ, સ્થળાંતર રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે.

2. ''ભારતનું બંધારણ ભારતને ધર્મનિરપેક્ષ રાજ્ય તરીકે સ્વીકારે છે.'' સમજાવો.

➢ ભારતના બંધારણ મુજબ ભારત એક ધર્મનિરપેક્ષ રાજ્ય છે.  ધર્મનિરપેક્ષ રાજ્ય એટલે ભારતનો કોઈ રાજ્યધર્મ નથી. ભારતમાં બધા જ ધર્મોને સમાન આદર અને સમાન રક્ષણ મળેછે. ભારતના તમામ નાગરિકોને પોતાની ઈચ્છાનુસાર મુક્તપણે કોઈ પણ ધર્મ માનવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર ભારતના બંધારણે આપ્યો છે. આમ, ભારતનું બંધારણ ભારતને ધર્મનિરપેક્ષ રાજ્ય તરીકે સ્વીકારે છે.

3. ભારતમાં કઈ કઈ વિવિધતા જોવા મળે છે?

➢ ભારતમાં સાંસ્કૃતિક, વસ્તીવિષયક અને ધાર્મિક વિવિધતા જોવા મળે છે. ભારતમાં લોકોની રહેણીકરણી, જીવનરીલી, પહેરવેશ, આર્થિક પ્રવૃત્તિ, રિવાજો, ઉત્સવો, તહેવારો, ભાષા, તીર્થધામ વગેરે અનેક પ્રકારનું સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે.  ભારતમાં વયજૂથ, લિંગપ્રમાણ, ગ્રામીણ અને શહેરી વસ્તી પ્રમાણા, સાક્ષરતા, ધાર્મિક જૂથો, ભાષાકીય જૂથો, જાતિપ્રમાણ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો), જન્મપ્રમાણ, મૃત્યુપ્રમાણ, સ્થળાંતરિત લોકોનું પ્રમાણ વગેરે વસ્તીવિષયક વૈવિધ્ય જોવા મળે છે.  ભારતમાં જગતના મુખ્ય ધર્માંના પ્રત્યેક ધર્મના નાગરિકો વસવાટ કરે છે. દરેક ધર્મ પોતાની આચારસંહિતા ધરાવે છે. દરેક ધર્મના લોકો તેમનાં ધર્મસ્થાનો, ધર્મગ્રંથો, ધાર્મિક તહેવારો અને વ્રતો અનુસાર પોતાની જીવનરોલી રચે છે. આમ, ભારતમાં ધાર્મિક વૈવિધ્ય જોવા મળે છે.

4 ભારતમાં ભાતીગળ સંસ્કૃતિનો વિકાસ શાથી થયો છે?

➢ ભારતીય સમાજ મોહેન્જો દો અને હડપ્પીય સંસ્કૃતિથી વર્તમાન સમય સુધી સાંસ્કૃતિક વૈવિધ્યથી ભરપૂર રહ્યો છે. ઋગ્વેદ યુગ, ઉત્તરવેદકાલીન યુગ, મધ્યયુગ બ્રિટિશ યુગ અને સ્વતંત્રતાના દરેક તબક્કે સાંસ્કૃતિક ગતિવિધિઓથી ભરપૂર રહ્યો છે. જુદા જુદા તબક્કાના શાસકોના શોખ, વેપાર કે વહીવટ માટે સ્થળાંતરિત થઈને આવેલા વિવિધ સમુદાયની જીવનરોલીના કારણે ભારતમાં ભાતીગળ સંસ્કૃતિનો વિકાસ થયો છે.

5 ભારતમાં કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવવામાં આવે છે?

➢ ભારતમાં દિવાળી, હોળી, દશેરા, ઈદઉલફિત્ર, ક્રિસમસ, નવરોઝ (પતેતી), ગુરુપર્બ વગેરે ધાર્મિક તહેવારો ઉજવાય છે.  ભારતમાં ખેતીની ફસલને વધાવતા ઉત્સવો ઉજવવામાં આવે છે. દા. ત., અસમમાં 'બિહુ', તમિલનાડુમાં 'પોંગલ', કેરલમાં ''ઓસમ'' તથા ઉત્તર ભારતનાં રાજ્યોમાં 'બૈશાબી'.  બૌદ્ધ ધર્મમાં ''બુદ્ધ પૂર્ણિમા'' અને જૈન ધર્મમાં 'મહાવીર જયંતિની ઉજવણી પણ કરવામાં આવે છે.

6 ભારતીય ખોરાકમાં કઈ વિવિધતા જોવા મળે છે?

- ભારતીય ખોરાકમાં અનેક પ્રકારની વિવિધતા છે. પ્રદેશ ને અનુસાર અનાજના ઉત્પાદનની અસર લોકોના ખોરાકમાં જોવા મળે છે. સમુદ્રકાંઠાના વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે, જે વિસ્તારોમાં ઘઉં, જુવાર, બાજરી, મકાઈ વગેરેનું ઉત્પાદ વધુ થાય છે ત્યાં આ અનાજ લોકોનો મુખ્ય ખોરાક છે. પ્રાદેશિક ખોરાક પણ વિવિધતા સર્જે છે. દા. ત., પંજાબી, ગુજરાતી થાળી, સાઉથ ઇન્ડિયન ફૂડ વગેરે.. ધાર્મિક વિચારધારા પણ ખોરાકમાં વિવિધતા સર્જે છે. દા. ત., જેન ભાજીપાઉં, જેન ભેળ, સ્વામિનારાયણની આચાર્ય ખીચડી વગેરે.

7 ભારતીય ફોજદારી કાયદાઓ કેવી રીતે રાષ્ટ્રીય એક્તા જાળવવામાં મદદરૂપ થાય છે ?

- ભારતીય ફોજદારી કાયદાઓ રાષ્ટ્રીય એકતા જાળવવા મદદરૂપ થાય છે. ભારતીય ફોજદારી કાયાઓમાં નીચેના કાયદાઓનો સમાવેશ થાય છે. (1) જ્ઞાતિ, કોમ કે વર્ગ વચ્ચેના સંઘર્ષના પ્રોત્સાહનને અટકાવતા કાયદાઓ (2) રાષ્ટ્રીય એક્તા માટે વિધાતક આક્ષેપો કરી રાજદ્રોહ અટકાવતા કાયદાઓ (3) અસ્પૃશ્યતાનિવારણ, ચૂંટણી આચારસંહિતા વગેરે કાયદાઓનું પાલન અને ભંગ બદલ સજાની જોગવાઈ દર્શાવતા કાયદાઓ

8 રાષ્ટ્રીય પક્ષો કઈ રીતે રાષ્ટ્રીય એકતા લાવવા માટે પ્રેરક બળ પૂરું પાડે છે ?

- ભારતના તમામ નાગરિકો કોઈ પણ ચૂંટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવાનો અધિકાર ધરાવે છે. ભારતનો કોઈ પણ નાગરિક રાષ્ટ્રીય પક્ષ કે અપક્ષ દ્વારા કોઈ પણ ક્ષેત્રનું નેતૃત્વ કરી શકે છે. રાષ્ટ્રીય પક્ષો પોતાના પક્ષમાં નેતાઓ, કાર્યકરો, મતદાતાઓ વગેરેને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આ રાષ્ટ્રીય પક્ષોની વિચારધારામાં તફાવત હોય પરંતુ તેમનું મુખ્ય ધ્યેય કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશના મતદાતાઓને આકર્ષવાનું છે. આથી, આ રાષ્ટ્રીય પક્ષો એક પ્રકારની રાષ્ટ્રીય એકતા લાવવા માટે પ્રેરકબળ પૂરું પાડે છે.

9 'પરસ્પરાવલંબન અને સંયોગીકરણના લીધે રાષ્ટ્રીય એકતાની ભૂમિકાનું નિર્માણ થાય છે.'' સમજાવો.

- આધુનિક આર્થિક પ્રવૃત્તિઓમાં યંત્ર વિજ્ઞાનનો ઉપયોગ વધતાં જ્ઞાતિગત પરંપરાગત વ્યવસાયો તૂટવા લાગ્યા છે. આધુનિક ખેતી, ઉદ્યોગ અને વ્યવસાયી સેવાઓમાં ગામનું કે પ્રાદેશિક પરસ્પરાવલંબન ઘટ્યું છે. જેના સ્થાને અન્ય ગામ, શહેર, રાજ્ય કે અન્ય પ્રદેશ સુધી પરસ્પરાવલંબન વધ્યું છે. સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે પરિબળોના કારણે પોતાની સ્થાનિક સંયોગીકરણના બદલે સમગ્ર દેશનાં શહેરો અને પ્રદરા. સાથે સંયોગીકરણ સાધવા અનુકૂળ થવું પડે છે. સંયોગીકરણના કારણે અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ અને કોમવાદ બંધનો તૂટવા લાગ્યા છે. વર્તમાન સમયના અનેક વ્યવસાયોમાં હિન્દુ અને મુસ્લિમ કોમન પરસ્પરાવલંબન જોવા મળે છે. જેના કારણે રાષ્ટ્રીય એકતા ભૂમિકાનું નિર્માણ થાય છે.

10 ટેલિવિઝન દેશના નાગરિકોનું મનોવલણ રાષ્ટ્રપ્રેમ તરફી ઘડે છે. સમજાવો. (March 19)

- ટેલિવિઝન કોમી એકતા, સર્વધર્મસમભાવ, દેશભક્તિ, રાષ્ટ્રપ્રેમ વગેરે વિષયોને કેન્દ્રમાં રાખી લોકપ્રિય ધારાવાહિક બનાવે છે. જે લોકોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રપ્રેમ પેદા કરે છે. ફિલ્મો, સમૂહગાન, સમૂહનૃત્ય, સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકા દિનની ઉજવણીના કાર્યક્રમો વગેરે દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમનીપ્રેરણા ફેલાવે છે. ટેલિવિઝન આતંકવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ, પ્રદેશવાદ કે નક્સલવાદની સમસ્યાઓનો ધારાવાહિક, ફિલ્મ કે સમાચારોમાં વણી લઈ, સાચી સમજ આપી નાગરિકોનું મનોવલણ રાષ્ટ્રપ્રેમ તરફી ઘડે છે. આમ, સંચારમાધ્યમોમાં પ્રકાશિત અને પ્રસારિત થતા કાર્યક્રમો નાગરિકોમાં સભાનતા પેદા કરી રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે.